# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત એક મહાનગરપાલિકા, અને બે નગરપાલિકાઓમાં માટે કુલ 3 કરોડ 14 લાખ રૂપિયાના ભંડોળને મંજૂરી
2. ભારતીય રેલવેએ ટ્રેન માટેના રીઝર્વેશન માટેની સમયમર્યાદા 120 દિવસથી ઘટાડીને 60 દિવસ કરી
3. ગાંધીનગર ખાતે મહેસૂલ વિભાગના પ્રતિભાવ કેન્દ્રનું આજે ઉદ્ઘાટન કરાયું.
4. વન વિભાગ દ્વારા હાથ ધરાયેલા સર્વેક્ષણમાં ગુજરાતના દરિયા કાંઠે ડોલ્ફીનની સંખ્યા 680 નોંધાઇ.
5. અને મલેશિયા ખાતે યોજાયેલી ૩૬મી એશિયા માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધામાં વઢવાણના પીટી શિક્ષકે ભાલાફેંક સ્પર્ધામાં કાંસ્યચંદ્રક જીત્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## SWARNIM SHEHRI VIKASH YOJANA

રાજ્ય સરકારે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વડોદરા મહાનગર પાલિકા, જસદણ અને વિજાપુર નગરપાલિકાઓમાં કુલ મળીને 53 કામો માટે 3 કરોડ 14 લાખ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાંથી વડોદરા નગરપાલિકાને 2 કરોડ, 78 લાખના ખર્ચે વિવિધ 50 કામોને મંજૂરી આપી. તેમણે જસદણ નગરપાલિકાને સી. સી. રોડના કામ માટે 19 લાખ 17 હજાર રૂપિયા તેમજ વિજાપુર નગરપાલિકાને સી. સી. રોડ તેમજ પેવર બ્લૉકના કામો માટે 17 લાખ 43 હજાર રૂપિયા ફાળવવા મંજૂરી આપી છે.

-----------------------------------

## TRAIN BOOKING

ટ્રેનમાં અગાઉથી થતા રિઝર્વેશન માટેની સમયમર્યાદા હાલનાં 120 દિવસથી ઘટાડીને 60 દિવસ કરવામાં આવી છે. એક પરિપત્રમાં રેલવેએ જણાવ્યું છે કે, નવો નિયમ 1 નવેમ્બરથી અમલી બનશે. જોકે, 31 ઓક્ટોબર સુધી કરવામાં આવેલાં તમામ બુકિંગ યથાવત રહેશે. મંત્રાલયે જણાવ્યું છે કે, વિદેશી પર્યટકો માટે 365 દિવસની મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

-----------------------------------

## NARMADA EK PED MA K NAAM

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના માલસામોટ ખાતે, રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલની અધ્યક્ષતામાં 'એક પેડ મા કે નામ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, ભરૂચ લોકસભા બેઠકના સાંસદ મનસુખ વસાવા, ડૉ. દર્શના દેશમુખ, જિલ્લા પંચાયતના પ્રમુખ ભીમસિંગ તડવી સહિતના અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

-----------------------------------

## FEEDBACK CENTRE

ગાંધીનગર ખાતે મહેસૂલ વિભાગના ફિડબેક સેન્ટરનું રાજ્યના મુખ્ય સચિવ રાજકુમારના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ પ્રસંગે માહિતી આપતા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતી રવિએ જણાવ્યું કે,

(બાઇટ- જયંતી રવિ, અધિક મુખ્ય સચિવ)

વધુમાં માહિતી આપતા તેઓએ કહ્યું કે, iORA પોર્ટલ મારફતે મળેલ અરજીઓ અન્વયે નાગરિકોના નિયમિત પ્રતિભાવ મેળવ્યા બાદ પ્રતિભાવના વિશ્લેષણ થકી સેવાઓને વધુ અસરકારક બનાવવામાં આવશે, અને આ થકી સેવામાં પારદર્શકતા લાવવામાં આવશે.

-----------------------------------

# BHUJ- BETI BACHAVO BETI PADHAAO

કચ્છ જિલ્લાના નખત્રાણાના ઉખેડા ગામમાં દીકરી ગૌરવોત્સવ કાર્યક્રમ યોજાયો. વિકાસ સપ્તાહ 2024 ની ઉજવણી અંતર્ગત બેટી બચાવો બેટી પઢાઓ યોજના અંતર્ગત શરૂઆત કચ્છ જિલ્લામાં પ્રથમ ઉખેડાથી કરાઇ છે. આ કાર્યક્રમ અંતર્ગત દીકરીઓનું પૂજન અને "ઘર કી પહેચાન બેટીઓ કે નામ" અભિયાન અંતર્ગત "દીકરી નેઈમ પ્લેટ" ડ્રાઈવ રાખવામાં આવી હતી. આ તકે ઉખેડા ગામની પ્રથમ એમ.બી.બી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર દીકરીનું ખાસ સન્માન પણ કરવામાં આવ્યું હતું.

----------------

# DOLPHIN SURVEY

વન વિભાગ દ્વારા ડોલ્ફીનની ગણતરી કરવામાં આવી, જેમાં ગુજરાતના 4 હજાર, 87 કિલોમીટરના દરિયાઈ વિસ્તારમાં અંદાજે 680 ડોલ્ફિનની સંખ્યા નોંધાઈ છે. આ અંગે માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે, ગુજરાતમાં સૌથી વધુ 498 ડોલ્ફીન ડોલ્ફીન કચ્છના ઓખાથી ભાવનગરના નવલખી સુધી વિસ્તરેલા મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચ્યૂરીના વિસ્તારમાં હોવાની શક્યતા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે માનવ મિત્ર જળચર તરીકે ઓળખાતી ડોલ્ફિન દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. ગુજરાતના દરિયાકાંઠે ઇન્ડિયન ઓસન હમ્પબેક પ્રજાતિની ડોલ્ફીન જોવા મળી છે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે ડોલ્ફિન ગણતરી પદ્ધતિ વિશે માહિતી આપતા જણાવ્યું કે, બે દિવસ ચાલેલા આ સર્વેમાં વિવિધ

સંસ્થાઓના વૈજ્ઞાનિક, નિરીક્ષક, ફોટોગ્રાફર અને ક્ષેત્ર સહાયક એમ કુલ મળીને ૪૭ વિશેષજ્ઞ જોડાયા હતા.

--------------------

## Malaysia Athletics

મલેશિયા ખાતે યોજાયેલી ૩૬મી એશિયા માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધામાં વઢવાણના પીટી શિક્ષક લાછુબેન પરમારે જેવલિન થ્રો સ્પર્ધામાં કાંસ્યચંદ્રક મેળવ્યો છે.

લાછુબેન સમસ્ત કારડિયા રાજપુત સમાજ કન્યા કેળવણી ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી કન્યા વિદ્યાલય વઢવાણના પીટી શિક્ષક છે. ૩૬મી એશિયા માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધા મલેશિયાના કુઆલાલમ્પર ખાતે 12,13 ઓક્ટોબરનં રોજ યોજાઈ હતી આ સ્પર્ધામાં તેમણે શોટપુટ, ડિસ્ક થ્રોમાં ચોથો ક્રમાંક મેળવ્યો હતો.

.................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

# GANDHINAGAR COURT PAPERLESS

ગુજરાત વિધાનસભા બાદ ગાંધીનગર જિલ્લા અદાલત હવે પેપરલેસ બની છે. ગાંધીનગર જિલ્લા ન્યાયાધીશ હિતા ભટ્ટ દ્વારા અદાલત ખાતે ઇ- સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ ઉપરાંત નવા કેસમાં હવે ઇ-ફાઇલિંગ, ડિજીટલી અરજી કરવાની સુવિધા, ઓનલાઇન અપોઇન્મેન્ટ બૂકિંગની સુવિધા, જજ વિશેની માહિતી, કાનૂની સલાહ અને સહાય મેળવવા અંગે માર્ગદર્શન, વર્ચ્યૂઅલ કોર્ટના ઇ-ચલણ અંગે માહિતી, તેમજ વીડિયો કૉન્ફરન્સિંગથી કોર્ટ હિયરિંગ અંગે માર્ગદર્શન આપવામા આવશે.

આ વિશે વધુ માહિતી આપે છે... ગુજરાત બાર એસોસીએશનના પ્રમુખ..શંકરસિંહ ગોહિલ.....

(બાઇટ- શંકરસિંહ ગોહિલ, બાર એસોસીએશનના પ્રમુખ)

---------------

# State govt employee DA hike

રાજ્ય સરકારનાં કર્મચારીઓએ તેમનાં મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની માંગણી કરી છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે રાજ્યનાં નાણામંત્રી કનુભાઈ દેસાઈને પત્ર લખીને કેન્દ્ર સરકારના ધોરણે મોંઘવારી ભથ્થુ 50% થી વધારી 53% કરવાની રજૂઆત કરી છે.

આ અંગે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળનાં મહામંત્રી ભરત ચૌધરીએ આ મુજબ જણાવ્યું.

.................

## DWARAKA MALARIA

દ્વારકા જિલ્લામાં ઝેરી મલેરિયાના કેસો સામે આવતા આરોગ્ય વિભાગે સર્વે કામગીરી હાથ ધરી છે. દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ગાંગડી ગામે એક સગર્ભા મહિલામાં ઝેરી મેલેરિયાના લક્ષણો જણાતા આરોગ્ય વિભાગે ગ્રામ્ય તેમજ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરી છે. આ વિશે જિલ્લા આરોગ્ય અધિકારી મિતેશ ભંડેરી આ મુજબ જણાવ્યું.

**(BYTE – ડૉ. મિતેશ ભંડેરી, જિલ્લા આરોગ્ય અધિકારી, દ્વારકા)**

-----------------------------------

## VALSAD FLOOD AFFECTED AREAS

રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વલસાડ જિલ્લાના પારડી તાલુકાના પૂર અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી. પારડી તાલુકાના બાલદા ગામ સહિત વિવિધ ગામોમાં 269 જેટલા આદિવાસીઓ પરિવારોના મકાન તેમજ પાકને નુકસાન થયું હતું. મુલાકાત દરમિયાન નાણામંત્રીએ અસરગ્રસ્તોને વહેલી તકે સહાય ચૂકવવા માટેની સૂચના આપી હતી.

------------------------------------

## AHMEDABAD ST BUS

દિવાળી સહિતના તહેવારોને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે 2200 એસટી બસ ચાલાવવામાં આવશે. 26 ઑક્ટોબરથી 30 ઑક્ટોબર સુધી આ વધારાની બસ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં દોડવાશે. સૌથી વધુ બસ સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર અન જુનાગઢ જિલ્લામાં મૂકાશે.

------------------------------------

## ASHTA GANDHYATRA

શક્તિપીઠ અંબાજી ખાતેથી નવરાત્રીના પ્રથમ દિવસથી અષ્ટગંધ યાત્રાનો પ્રારંભ કરાયો હતો. આ યાત્રા દ્વારા શાસ્ત્રોમાં વર્ણિત અષ્ટગંધ અંબાજીથી શરૂ કરીને રાજ્યના સુપ્રસિદ્ધ 11 મંદિરોમાં અર્પણ કરવામાં આવ્યું હતું.

અષ્ટગંધ યાત્રાની શરદીય નવરાત્રી પ્રસંગે પૂર્ણાહુતિ થઈ છે. આ પ્રસંગે અરવલ્લીના શામળાજી યાત્રાધામ ખાતે મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા.

------------------------------------

## NEWS IN BRIEF

**અને હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

1. સફાઇ કર્મચારીના રાષ્ટ્રીય આયોગના ઉપાધ્યક્ષ અંજના પવારએ પોતાના રાજકોટના પ્રવાસ દરમિયાન સફાઇ કામદારોના પ્રશ્નની સમીક્ષા કરી.
2. બાવળાના નાનોદરા ગામની માધ્યમિક શાળામાં ચંદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા CSR પ્રવૃત્તિ અંતર્ગત વિદ્યાર્થીઓને સાયકલનું વિતરણ કરાયું.
3. તાપીના સોનગઢ ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ - 2005 અંતર્ગત કાયદાકીય સેમિનારનું આયોજન કરાયું. જેમાં મહિલાલક્ષી યોજના તેમજ બાળ અધિકારીની કચેરી હસ્તક ચાલતી યોજના વિષે માહિતી આપવામાં આવી હતી.
4. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના 52 મા યુવક મહોત્સવ "ઉદેતી" નું રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરાયું. 3 દિવસ સુધી ચાલનાર આ મહોત્સવમાં 1800 થી વધુ વિદ્યાર્થીઓ કલાના કામણ પાથરશે.
5. ગાંધીધામ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ઉધ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી તેમજ ટોક શોનું આયોજન કરાયું.
6. દમણ મેમણ જમાત દ્વારા મેમણ સમાજ માટે ગેટ ટુ ગેધર અને ન્યાઝ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.
7. મહેસાણાના કડી માર્કેટ યાર્ડમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત સફાઇ અભિયાન હાથ ધરાયું.

-----------------------------------